Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# પરમની અવિરત શોધમાં-'આ અમે નીકળ્યા'

ડૉ.કલ્પના મચ્છર
ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, બાયડ, ગુજરાત, ભારત

**સારાંશ-**

ગુજરાતી ગઝલને મહત્વનો વળાંક આપનાર રાજેન્દ્ર શુકલ સમર્થ ગઝલકાર છે. અવધૂતી પરંપરા, જૂનાગઢની આસપાસની સોરઠી બોલી, આધુનિક ચેતના તથા ગીતગોવિંદકાર જયદેવ અને ભક્તકવિ નરસિંહનું ભાવવિશ્વ તેમની ગઝલોમાં રસાઈને આવે છે. તેમની ગઝલ ઉત્તમ ભાવકો માટે સદૈવ આકર્ષણનું કેન્દ્ર રહી છે. યોગેશ જોશી રાજેન્દ્ર શુકલને 'રુદ્રાક્ષના મણકા' જેવા કાવ્યો આપનાર કવિ તરીકે બિરદાવે છે જ્યારે પૂ.મોરારિબાપુએ રાજેન્દ્ર શુક્લને 'સવા કવિ'નું બિરુદ આપ્યું છે. 2005માં પ્રકાશિત થયેલ 'ગઝલ સંહિતા' રાજેન્દ્ર શુકલનો પાંચમો કાવ્યસંગ્રહ છે. આ સંગ્રહ પાંચ ગ્રંથોમાં વિભાજિત છે. પાંચેય સંગ્રહને 'મંડલ' તરીકે ઓળખવામાં આવ્યા છે. પ્રથમ મંડલ 'સભર સુરાહી' માં કવિ ગઝલનું ભારતીયકરણ કરે છે. બીજો મંડલ 'મેઘધનુના ઢાળ પર' ગઝલપ્રિયા અને પ્રિયા ગઝલના સંવેદનોને નિરુપે છે. તૃતીય મંડલ 'આ અમે નીકળ્યા' કવિની આંતરબાહ્ય પ્રવાસચેતનાના સાક્ષીપણાને ઉપસાવે છે. ચતુર્થ મંડલ 'ઝળહળ પડાવ' તત્વદર્શનને વ્યક્ત કરે છે તો પંચમ મંડલ 'ઘિર આઈ ગિરનારી છાયા' કવિપિંડના બંધારણને રૂપાંતરિત કરે છે.

**ચાવીરૂપ શબ્દો-** ગઝલસંહિતા, પરમને પામવાનો ઉપક્રમ, અધ્યાત્મ, 'આ અમે નીકળ્યા'

**'ગઝલ સંહિતા'નું તૃતીય મંડળ- 'આ અમે નીકળ્યા'**

રાજેન્દ્ર શુક્લ તોડફોડ અને તડજોડ કરીને નિપજાવાતી કવિતાના ઉદગાતા નથી પરંતુ એમની કવિતાનો સૂર તો છેક વેદકાલીન વાણીની સાથે સંબંધાયેલો છે. ઉચ્ચારાતો શબ્દ એમને માટે શબ્દ જ માત્ર નથી, પણ એથી કંઈક વિશેષ છે. એટલે જ એમની કવિતામાં સહજતા અને સરળતાની સાથે સાથે સભાનતાનો પણ સુયોગ સાંપડ્યો છે. 'ગઝલ સંહિતા' માંપરમને પામવાનો કવિનો જે ઉપક્રમ છે, તેનો પ્રયાસ 'આ અમે નીકળ્યા' સંગ્રહમાં વ્યક્ત થાય છે. આ તૃતીય મંડળની શરૂઆતમાં, 'શબ્દ જે', 'ભાર વગર', 'મનમાં જયારે', 'ઘર', 'અમથાં અમથાં', 'સતત ઓગળે છે,' 'લ્હેરાય વાદળ', 'થાક' વગેરે ગઝલો તેમના બીજા કાવ્યસંગ્રહ 'કોમલરિષભ'માંથી પુન: પ્રકાશિત કરવામાં આવી છે.

'આ અમે નીકળ્યા' ગઝલમાં જ કવિ રિક્તતાને મૂર્તતા આપીને ગઝલમાંથી પ્રગટતાં આધુનિક સંવેદન તરફ દિશાનિર્દેશ કરી આપે છે. કવિ રિક્તતાને ખીંટીએ લટકાવીને અભાવોની સુરાહી બનાવીને જામને ઝળહળાવે છે. 'સ્વ'માં ખોવાઈ જવાની એ મસ્તી ચૌદ બ્રહ્માંડનો ભેદ ભૂલાવી દે છે.

**'ઘૂંટ એક જ અને આંખ ઝૂકે જરા**
**સાત આકાશ ખૂલી જતાં સામટું**

**જોઉં તો ઝળહળે જામમાં એ સ્વયં**

**ચૌદ બ્રહ્માંડનો ભેદ ભુલાવતા !** ( પૃ.૨૩ 'આ અમે નીકળ્યા')

અહીં હાફિઝ કે ઉમર ખય્યામ અને નરસિંહ મહેતાનો સમન્વય થતો હોય એવું અનુભવી શકાય છે. પોતાની શબ્દની ઉપાસના પર કવિને ગર્વ છે,

**'શબ્દને ઉપાસ્યો છે,**

**સત્ય હો કે આભાસી !**

**કાબાથી હું આવું છું',**

**જાઉં લો હવે કાશી!'** (પૃ.૨૬' 'આ અમે નીકળ્યા')

કાબા અને કાશીને એક માનનારો કવિ જ ખરો આર્ષદૃષ્ટા છે, સાચો બિનસાંપ્રદાયિક છે। 'બક્સ દો અગર ખતા કરે કોઈ' ગાલીબના સંદર્ભ સાથે રચાયેલી ગઝલ 'મારી ક્ષમા' કવિને મુઠ્ઠી ઊંચેરા સાબિત કરે છે. કોઈનો પણ અપરાધ આપણા મન સુધી ન પહોંચવો જોઈએ, કારણ કે,

**'અપરાધ કોઈનો કશે અડકો નહી,**

**મારી ક્ષમા એને તરત વીંટી વળો,** (પૃ.૨૯ 'આ અમે નીકળ્યા')

'શબ્દ પણ સંકટ બને ' ગઝલમાં કવિ પરમાત્માને લલકારે છે એમાં ય આધુનિકતાનો ઉન્મેષ પામી શકાય છે .

**'તો જ સમજાવે તને તારું સૃજન આ ,**

**એક ક્ષણ દ્રષ્ટા મટી તું નટ બને'** (પૃ.૩૩ 'આ અમે નીકળ્યા')

ગગનવાસીને ધરા પર બે ઘડી અવતાર લેવાની વાતો ગુજરાતી ગઝલમાં અનેકવાર થઇ જ છે . અહંકારના યુદ્ધને કવિએ શબ્દબદ્ધ કર્યું છે, અહંમાં અંધ અને પંગુ બનીને બાખડતો માનવી પોતે પોતાની જ રચેલી દિવાલોમાં કેદ છે. સાવ એકલો છે અને ચોતરફ વેરાયેલો છે. સત્યને દ્વારથી ધકેલીને, જૂઠના બહેકાવામાં બહેકી રહ્યો છે. અંદર રહેલા અંધકારને એ ક્યાં સુધી ખાળી શકે?. સામાન્યતઃ અલૌકિક તત્વો સાથે અનુસંધાન કરતી રાજેન્દ્ર શુકલની ગઝલોમાં અપવાદરૂપ અહીં સામાજિક અને રાજકીય તત્વોનું નિરૂપણ થયું છે. કવિએ ગાંધીજીને યાદ કર્યા છે. રાજઘાટ પર જઇને ગઝલ ગાવાની ઈચ્છા ય વ્યક્ત કરી છે.

**'રાજઘાટ પર જઇને ક્યે દિવસ ગઝલ ગાશું**

**ક્યે દિવસસમર્પીશું શબ્દ પુણ્યની પાળે '?** (પૃ.૪૬ 'આ અમે નીકળ્યા')

ગાંધીજીને શબ્દાંજલિ –'દુનિયાના જીવલેણ રોગો' ગઝલમાં અપાઈ છે. આવા રોગો સામે કોઈ સત્યના પ્રયોગો કામ આવતા નથી. દુનિયાના લોકો કોઈને ક્રોસ પર ચડાવે છે તો કોઈને ગોળી મારીને ઢાળી દે છે.

**'કેટલા હઠીલા છે,જીવલેણ રોગો પણ,**

**કામમાં ન આવે કૈ સત્યના પ્રયોગો પણ.**

**ક્રોસ પર ચડે કોઈ 'રામ' કહી ઢળે કોઈ**

**એની એ જ દુનિયા'એના એ જ લોકો પણ** ,(પૃ.૪૪ 'આ અમે નીકળ્યા')

પોતાને ખુદાવત કે ફલકવત બતાવતા કવિ બે જ મિસરાના ફલકને સ્વીકારે છે. તેમની અંદર શબ્દનો સમંદર ઘૂઘવી રહ્યો છે, એના બંદર અને બારાંની શોધ કરી રહયા છે. ક્ષણભંગુર

નશ્વર શરીર જ અલખને આરાધવાનું સાધન છે. આ સાધન દ્વારા જ આપણે આપણા 'સ્વ' ને પામી શકીએ છીએ, શ્રદ્ધા અને સબૂરીથી જીવનની ગંઠાયેલી ગાંઠોને ઉકેલવી જ રહી.

**'ખેંચી પણછ, કમાન કસી , તાકે તીર આ,**

**શાશ્વતનું છે સબૂત શું નશ્વર શરીર આ'** (પૃ.૬૨ 'આ અમે નીકળ્યા')

**'રથ તારો અડક્યો ધરતીને ,**

**દેખ ધરમની ધજા પડે છે '**! (પૃ.૬૬ 'આ અમે નીકળ્યા')

માં મહાભારતના યુદ્ધનું અને યુધિષ્ઠિરનું પુરાકલ્પન આલેખાયું છે. 'મારું તારું !' તો એકાત્મના ભાવને ચરમ સીમાએ લઇ જતી રચના છે.

**'લે આ મને ગમ્યું તે મારું**

**પણ જો તને ગમે તો તારું!**

**મારું, તારું ને ગમવું પણ,**

**લાવ,લાવ,કરિયે સહિયારું!**

**તું જીતે ને થાઉં ખુશી હું,**

**લે ને ફરી ફરી ને હારું** '!(પૃ.૬૮ 'આ અમે નીકળ્યા')

પોતાના સ્વજનને જીતાડવા જાતે હારી જવાની ખુમારી તો કોઈ વિરલા પાસે જ હોય છે.

**'મંત્રો કે મૂર્તિ કૈ જ નથી હોતું ધ્યાનમાં,**

**શબ્દો ય ઓગળે છે અમારી અઝાનમાં'** (પૃ.૭૧ 'આ અમે નીકળ્યા')

'આંખની ચમકને કાનમાં કહેવાની વાત' કહીને કવિ ઇન્દ્રિય વ્યત્યય કરે છે'. 'સૂડી વચ્ચે સોપારી''તળપદી હળવાશથી આલેખાયેલી ગઝલ છે. 'સૂડી વચ્ચે સોપારી', 'એક સાંધું ત્યાં તેર તૂટે' વગેરે જેવી પંક્તિઓમાં કહેવતોનું રૂપાંતરણ આસ્વાદ્ય બની રહે છે .શ્રદ્ધાઆસ્થાનો – અનાદર ન કરવાનુંકહેતા કવિ પૂજા જેટલું જ મહત્વ ઈબાદતને પણ આપે છે. આ મહત્વને વ્યકત કરતી ગઝલો કહાણી-1 અને કહાણી -2 હળવાશથી રચાયેલી છે. બધે દીપમાળા પ્રગટાવતો માનવી પોતાનું આંગણું અજવાળે છે ખરો?

**'અંદરની શગને સંકોરી**

**અતિ અઘરું આસાન કરાવું,**

**દેખે તો હમણાં દેખાડું,**

**સોચે તો અનુમાન કરાવું'** (પૃ.૧03 'આ અમે નીકળ્યા')

'હું' છૂટે એટલે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. અહંકારનું તણખલું આખા ડુંગરને સંતાડીને બેઠું છે, જે અંદરની શગને સંકોરે એ પરમને પામે છે. સાચો આનંદ ત્યારે મળે છે જયારે ખુદી મરી પરવારે, અંહકારનો નાશ થાય. જયારે 'હું' ના રહે, જયારે 'હું' નું વિસર્જન થાય, આંસુ વહે. ત્યારે એ ગીત બની જાય છે. આ આંસુ મીરામાં પણ છે. જોકે એના આંસુઓથી વહેતો આનંદ જ છે જે ભજનોમાં ઢળી ગયો છે. આત્મબોધના અભાવે માનવી ખોટા માર્ગે દોડે છે. ખરી જરૂર ભીતરની જાગૃતિની છે, કારણકે પરમાત્મા ભીતરમાં વસે છે. જો એને બહાર શોધવા જશો, તો પરમાત્મા તો પ્રાપ્ત થશે નહીં, બલ્કે તમે સ્વયં ખોવાઈ જશો. આંખ,

નાક, કાન, જીભ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને જેણે સાતમા સત્યચેતન સ્વરૂપમાં જોડી દીધાં છે એવા વીરલાઓ મનોજ્યી હોય છે અને તેથી એ યથાર્થ અધ્યાત્મ પામી શકે છે.

મનુષ્ય મથુરા, કાશી, કાબામાં ભટકે છે. જેમ મૃગની નાભિમાં કસ્તુરી છે, એમાંથી જ સુગંધ આવતી હોય છે પરંતુ એ સુગંધની શોધ માટે વન-વનમાં ઉદાસ બનીને ફરે છે. પૂર્ણકામ, પૂર્ણતૃપ્ત અને પૂર્ણસંતુષ્ટ સ્વરૂપ આત્મા હું જ છું એવી સમજના અભાવે માણસ સંસારસુખ પામવા માટે આમતેમ ભટકે છે. માત્ર ત્યાગ કરવો તે પૂરતું નથી, પરંતુ અધ્યાત્મબોધ જરૂરી છે. અધ્યાત્મબોધ એટલે દેહમાં વસતા પરમધન એવા ચેતનઆત્માની જાણ. તમારા સુખની સર્વ સામગ્રી તમારી પાસે છે. જો તમારી જાતને તમે વશ કરી શકો, તો તમારા શરીરની ભીતરમાં જ પુષ્પો અને વૃક્ષોથી મઘમઘતો અને ફૂલેલો-ફાલેલો બાગ-બગીચો પ્રાપ્ત થશે. એમાં જ સાત સમુદ્ર અને અસંખ્ય તારાઓ છે. એમાં જ હીરા અને મોતી છે અને એમાં જ એનો પારખું વસે છે. આ આત્મદેવને માનવી ભૂલી જાય છે જે પોતાની ભીતરમાં છે.

ભક્તિનાં ગીતો ગાવાથી, ધર્મકથાઓનું શ્રવણ કરવાથી, શાસ્ત્રગ્રંથો વાંચવાથી અથવા તો સંધ્યા કે તર્પણ જેવી ક્રિયાઓ કરવાથી તમને કશું મળશે નહીં. ગમે તેટલું તીર્થાટન કરો, તો પણ કશું વળવાનું નથી. આ સઘળાં ક્રિયાકાંડો, બાહ્યાચારો કે બાહ્યપ્રવૃતિઓ કરવાથી કશું નહિ વળે. લાંબી લાંબી જટા વધારવી, આખા શરીરે રાખ ચોળવી, માથે મુંડન કરાવવું, માટી-પથ્થરના પિંડને પૂજવો કે માત્ર ફળાહાર કરવો- એ બધી તો બાહ્ય બાબતો છે. ભીતર સાથે એને કોઈ લેવાદેવા નથી. આમ કરવા જનાર આત્માને ઓળખી શકતો નથી એટલે અધ્યાત્મ સુધી પંહોચી શકતો નથી. ધ્યાન, યોગ અને અધ્યાત્મની ઊચ્ચ ભૂમિકાના દર્શન કરી શકતો નથી.

**'ખાંધ પર ખડકી દીધો ડેરો હવે,**
**અવતરે આનંદ અદકેરો હવે.'**
**'અંતરે આકાશને ઘેરો હવે,**
**તારકોના તેજ ખંખેરો હવે'**
**'લો હટાવ્યું આ ક્ષણિકનું આવરણ**
**નૂરમાં ન્હાઈ રહ્યો ચ્હેરો હવે.'** (પૃ.૫૯ 'આ અમે નીકળ્યા')

પરમાત્માનું સર્જન જયારે આટલું અદભુત હોય ત્યારે પરમાત્મા કેટલો સુંદર હશે? આવું સૌદર્ય પામ્યા પછી નજર સઘળે સુંદર જ જોવાની ! એમ તો બહાર સભરતા છે જ પરંતુ એ સભરતાને નિહાળનારી સભર નજર નથી. આવી સભરતા જોવા માટે ભીતરની સભરતા, સરસતા અનિવાર્ય છે. આવી સભરતા જયારે પ્રીતમ બને છે, ત્યારે જીવનમાં વસંતનું આગમન થાય છે, હજારો – હજારો ફૂલ ખીલે છે. આ પરમદશામાં અપૂર્વ સૌદર્યની રસધાર વહે છે. ત્યાં પરમાત્મા રસ રૂપ છે. 'રસો વૈ સઃ |' પછી નીરસમાં શું પડવાનું ? પ્રાણોમાં અકળ સુગંધનો પ્રાદુર્ભાવ થાય છે. પછી તો એ સુગંધ ખુદ સુધી સીમિત નથી રહેતી. એ સ્વની મટી સચરાચરની બને છે. કણેકણમાં સુગંધ ઉઠે છે. ખુશ્બુ વહેંચાય છે, વેરાય છે. પળેપળ સુગંધ આચ્છાદિત બને છે. અહીં આવનારું કોઈ શુષ્ક નથી રહેતું. ખુશ્બુની ખેરાત ચાલે છે ને હરકોઈ એમાં ન્હાઈ રહ્યું છે:

**'ખુશ્બુની ખેરાત ચાલે રાતદિન ,**
**આવનારું સર્વ કોઈ તર થયું!'** (પૃ.૪૦ 'આ અમે નીકળ્યા')

શૂન્ય સઘન થયા પછી આનંદની છોળો ઉડે છે. એની છાલક અસ્તિત્વને તો તરબતર કરે જ છે પણ સમગ્ર સૃષ્ટિને પણ પોતાના બાહુપાશમાં જકડે છે. ભીતરની નીરસતા રસરૂપ બન્યા પછી સમગ્ર સૃષ્ટિને પણ રસરૂપ જુએ છે. શાશ્વતનો શરાબ અખંડ તૃપ્તિ આપે છે. એ તૃપ્તિ થકી જ ગદગદ થવાયું છે. આનંદનો આવિર્ભાવ થયો છે. ફૂલ ખીલ્યા છે. એમાં અનુભવ છે. માત્ર કવિતાના વિષય પુરતો આ આનંદ નથી. સ્વના છંદમાં ઘૂમ્યા પછીની આ ઘટના છે. પૂર્ણના કેન્દ્રમાં એમને સ્વનો છંદ બરાબર બેસાડ્યો છે. દરેક ક્ષણે મસ્તી છે. રસવિભોરતા છે. ઉત્સવ જ ઉત્સવ છે. અહર્નિશ – રાતદિવસ ખુશ્બુની જ ખેરાત છે. સૂતા-જાગતા, ઉઠતા-બેસતાં આનંદ જ આનંદ છે. ભીતરનું સંગીત છે, મૃદંગનો નાદ છે.

સૂફીવાદીઓમાં જે મસ્તી જોવા મળે છે તે અહીં જોઈ શકાય છે. ફકીરી મસ્તીની સાથે સાથે બેફિકરાઇ, અલગારીપણું પણ જોઈ શકાય છે. સૂફીઓ જેને અલગારીપણું કહે છે તેને કૃષ્ણ સાક્ષીભાવ કહે છે, અલગારીપણામાં નફિકરાઇ હોય છે જ્યારે સાક્ષીભાવમાં માત્ર દ્રષ્ટા બની રહેવાનું હોય છે. પણ છે તો એક જ સિક્કાની બે બાજુ. સામવેદમાં એક ઉક્તિ છે : **"देवस्य पश्य काव्यम्"** આ જે દેખાઈ રહ્યું છે તે પરમાત્માનું પ્રગટ કાવ્ય છે. આ પ્રકૃતિના નાદ પાછળ એનો જ કંઠ છૂપાયેલો છે. કોયલની કૂહુકૂહુ ને કુસુમની સૌરભ પણ એ જ છે, તિમિર હોય કે પ્રકાશ, મૃત્યુ હો કે પછી હોય જીવન- બધે એનો જ હાથ છે, એનું જ કાવ્ય છે. કવિ નેપથ્યમાં છે જે પ્રગટ પણે દેખાઈ રહ્યું છે. એતો માત્ર સર્જન છે. સર્જક પડદા પાછળ છે. આપણી ભીતર જે તરંગાઈ રહ્યો છે એ પણ પરમાત્મા જ છે.

હું ખોવાઈ જાય છે તું રહી જાય છે. ભક્ત ખોવાઈ જાય છે ભગવાન રહી જાય છે. જેમ એક બિન્દુ સિન્ધુમાં પડે કે ખોવાઈ જાય તેમ, સાગર બચે છે. હવે 'હું' અલગ અલગ નથી. એક થઇ ગયો છું, અનન્ય થઇ ગયો છું. સીમા જયારે અસીમમાં ભળે છે તો અસીમ જ બચે છે. સીમા વિલુપ્ત થાય છે એટલે ઉપનિષદ પણ કહે છે કે - જયારે પૂર્ણમાંથી આપણે પૂર્ણને બાદ કરીએ છીએ ત્યારે પૂર્ણ જ શેષ રહે છે. આપણે પણ જાણીએ છીએ કે કેટલીયે નદીઓ સાગરને મળે છે. પરંતુ સાગરમાં તેથી કશું વધતું નથી કે નથી ઘટતું.

રાજેન્દ્ર શુક્લ કથ્ય અને અકથ્યનો સાર એક જ માને છે. તેથી તેમના અધ્યાત્મભાવો બહુઆયામી છે. એમાં અનેક ભાવોનું સંમિશ્રણ જોવા મળે છે પરંતુ એમની જે શોધ છે એ પરમાત્માની છે અને એ શોધ **'આ અમે નીકળ્યા'**માં અવિરત ચાલે છે.